# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧ તા.૫-૪-૧૬

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ભારત સરકારનાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનાં અધિકાર અધિનિયમ-૨૦૦૯નો અમલ રાજય સરકારે તા.૧-૪-૧૦થી કરેલ છે. તદનુસાર રાજયની ધો.૧ થી ૭ની પ્રાથમિક શાળાઓમાં ધો.૮નો સમાવેશ કરવામાં આવેલ છે. રાજયમાં પ્રાથમિક શિક્ષણમાં ધો.૧ થી ૫ ને પ્રાથમિક શિક્ષણ અને ધો.૬ થી ૮ને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ એમ બે વિભાગમાં વહેંચવામાં આવેલ છે. આ પ્રમાણેનાં ફેરફારનાં કારણે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધો.૬ થી ૮ માટે તાલીમી સ્નાતક શિક્ષકોની ભરતી કરવામાં આવે છે. આ રીતે વિભાજન થયુ તે પહેલા એટલે કે જૂન-૨૦૧૦ પહેલાં ફક્ત પ્રાથમિક શિક્ષણ (ધો.૧ થી ૭) માટે જ ભરતી કરવામાં આવી હતી. જેમાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની લાયકાતો ધરાવતા શિક્ષકો / વિદ્યાસહાયકોનો પણ સમાવેશ થયેલ હતો. આથી આવી ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની લાયકાત ધરાવતા હોય તેવા શિક્ષકો/વિદ્યાસહાયકને તેમની લાયકાતને અનુરૂપ શિક્ષણ કાર્ય કરવાની તક મળે તે હેતુથી જે શિક્ષકો / વિદ્યાસહાયકો ઉચ્ચ પ્રાથમિક શાળામાં શિક્ષક થવા માટેની લાયકાતો ધરાવતા હોય તેવાં પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતાં અને તાલીમી લાયકાત (સ્નાતક/પીટીસી અથવા સ્નાતક/બી.એડ ) ધરાવતા શિક્ષકો/વિદ્યાસહાયકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધો.૬ થી ૮)માં સમાવવા બાબતે આ સાથે સામેલ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પી.આર.ઈ./૧૧/૨૦૧૨ /૫૨૦૩૬/ક. સચિવાલય ગાંધીનગરનાં તા.૧૯-૨-૧૪ અને પ્રાથમિક શિક્ષણ નિયામકના પત્રક્રમાંક પ્રાશિનિ/નીતિ/૨૦૧૪/ક/૬૨૬-૭૧ તા.૨૮-૨-૧૪ નાં પરિપત્ર મુજબ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની લાયકાત ધરાવતાં પ્રાથમિક શિક્ષકો/ વિદ્યાસહાયકોએ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં જવા માટેનો વિકલ્પ પસંદ કરવાનો રહે છે.

પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતાં અને જૂન-૨૦૧૦ પહેલાં રાજયનાં ધો.૧ થી ૭નું પ્રાથમિક શિક્ષણ હતું. તે સમયે ભરતી થયેલા પ્રા. શક્ષકો/વિદ્યાસહાયકો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેવા તાલીમી લાયકાત (સ્નાતક/પી.ટી.સી. અથવા સ્નાતક/બી.એડ) ધરાવતા શિક્ષકો/વિદ્યાસહાયકો પાસેથી ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધો.૬ થી ૮માં શિક્ષણ કાર્ય કરવાની ઈચ્છા ધરાવતાં હોય તેવા શિક્ષકો/વિદ્યાસહાયકો પાસેથી નીચે જણાવેલ નમુના મુજબનાં સંમતિપત્રકમાં માહિતી સ્વ હસ્તાક્ષરે લખી નીચે સહી કરી વિકલ્પ પસંદ કરી તા.૧૩-૪-૧૬ સુધીમાં મુખ્ય ઓફિસ એસ્ટા. વિભાગમાં મળી રહે તે રીતે અચૂક રૂબરૂ પહોંચાડવા વ્યવસ્થા કરશો.

સુચનાઓ

(૧) આ સંમતિપત્રક વ્યક્તિગત આપવાની છે એટલે દરેક શિક્ષકે / વિદ્યાસહાયકે અલગ અલગ સંમતિપત્રક રજૂ કરવાનું રહે.

(૨) સંમતિપત્રક સાથે લાયકાતનાં સર્ટી.નાં પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ બીડવી.

(૩) ઓફિસની પૂર્વ મંજૂરી મેળવી લાયકાત મેળવેલ હોય કે ઓફિસની મંજૂરી લીધા સિવાય લાયકાત મેળવેલ હોય તેવા શિક્ષકો વિદ્યાસહાયકો એ પણ વિકલ્પ સ્વીકારી શકે છે.

(૪) ઓફિસની મંજૂરી લઈ લાયકાત મેળવેલ હોય તો તે હુકમની ઝેરોક્ષ સંમતિપત્રક સાથે બીડવું.

(૫) પરિપત્ર મુજબ સમયમર્યાદા બાદ આવેલ સંમતિપત્રકને ધ્યાને લેવામાં આવશે નહિ. સંમતિપત્રક/માહિતી મોડી મળશે.તો તેની જવાબદારી શિક્ષક મજકૂરની રહેશે.

(૬) શાળાનાં જાવક નંબરથી તથા મુખ્ય શિક્ષકશ્રીનાં ભલામણ સાથે મોકલી આપવું.

(૭) અગાઉ જે પ્રા.શિક્ષકો/વિદ્યાસહાયકોએ વિકલ્પ સ્વીકારવા અરજી કરેલ છે અને પ્રતિક્ષાયાદીમાં જેનું નામ (હાલ બાકી રહેલ યાદીમાં) છે. તેવા શિક્ષક/વિદ્યાસહાયકોએ ફરી વિકલ્પ સ્વીકારવાનું ફોર્મ ભરવાનું રહેશે નહીં.

(૮) અગાઉ જે શિક્ષક/વિદ્યાસહાયકોએ વિકલ્પ સ્વીકારવા અરજી કરેલ હોય અને વિકલ્પ સ્વીકારવાની પ્રક્રિયા દરમ્યાન અસંમતિ દર્શાવેલ હોય તથા વિકલ્પમાં શાળા પસંદગી કેમ્પમાં શાળા પસંદ કરેલ ન હોય અને લેખિતમાં અસંમતિ આપેલ હોય તેવા શિક્ષક/ વિદ્યાસહાયકોએ પણ સરકારશ્રીના પરિપત્ર મુજબ ફરી વિકલ્પ સ્વીકારવાની અરજી કરવાની રહેશે નહીં.

(૯) જે શિક્ષક / વિદ્યાસહાયકો સ્નાતકમાં અલગ અલગ વિષય સાથે સ્નાતક થયેલ હોય તેઓ જે વિષયમાં વિકલ્પ સ્વીકારવા ઈચ્છતા હોય ફક્ત તે વિષય માટેની અરજી કરવાની રહેશે.

(૧૦) નમૂના મુજબનું ફોર્મ ચોકસાઈપૂર્વક ભરી જે-તે ઝોનમા સર્વિસબુક પરથી આ માહિતીની ચકાસણી કરાવી. આસિ.એ.ઓ./હેડકલાર્કના સહી/સિકકા કરાવી લાવવાના રહેશે.

આ પરિપત્રની નોંધ શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ પોતે તેમજ શાળાનાં તમામ શિક્ષકો / વિદ્યાસહાયકોને આ લેવડાવવી અને તે અંગેની સહી લઈ શાળાનાં દફતરે રાખવાની રહેશે.

**નોંધ :- લાંબી રજા કે અન્ય કારણસર ગેરહાજર હોય તો તે શિક્ષક / વિદ્યાસહાયકને મુખ્ય શિક્ષકે આ પરિપત્રની જાણ કરવાની રહેશે.**

તા.૫-૪-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધો.૬ થી ૮ની શાળામાં સમાવવા બાબતનું સંમતિ પત્રક**

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક : પી.આર.ઈ/૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક સચિવાલય ગાંધીનગર તા.૧૯-૨-૧૪ અને પ્રાથમિક શિક્ષણ નિયામકના પત્રક્રમાંક પ્રાશિનિ/નીતિ/૨૦૧૪/ક/૬૨૬-૭૧ તા.૨૮-૨-૧૪નાં પરિપત્રમાં જણાવ્યા મુજબ જૂન-૨૦૧૦ પહેલા ભરતી થયેલ શિક્ષકો / વિદ્યાસહાયકો જે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની શૈક્ષણિક લાયકાત ધરાવતાં હોય (સ્નાતક / પી.ટી.સી. અથવા સ્નાતક / બી.એડ) તેવા શિક્ષક / વિદ્યાસહાયકને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધો.૬ થી ૮)ની શાળામાં સમાવવા બાબતે વિકલ્પ સ્વીકારવા અંગે પરિપત્ર થયેલ છે તે અનુસાર મારી નોકરી અને શૈક્ષણિક લાયકાત અંગેની માહિતી નીચે મુજબની છે.

| | | |
|---|---|---|
| ૧ | નામ :- | |
| ૨ | શાળાનું નામ :- | |
| ૩ | હોદ્દો :- | |
| ૪ | જન્મ તારીખ :- | |
| ૫ | સળંગ નોકરીની તારીખ :- | |
| ૬ | જિલ્લા ફેરબદલીથી આવેલ હોય તો<br>સ્કૂલ બોર્ડમાં દાખલ થયા તારીખઃ- | |
| ૭ | વિદ્યાસહાયકે નિયમિત પગાર ધોરણમાં મૂકાયા તારીખઃ- | |
| ૮ | મેળવેલ તમામ શૈક્ષણિક લાયકાત પાસ કર્યાના વર્ષ અને<br>યુનિવર્સિટી સાથેની માહિતી :-<br>સ્નાતક/પીટીસી અથવા સ્નાતક/બી.એડ થયેલ હોય<br>તો કયા વિષય સાથે કરેલ છે. તેની વિગત | |
| ૯ | કયા વિષયમાં વિકલ્પ સ્વીકારવા ઈચ્છો વો તેની વિગત | |
| ૧૦ | ઓફિસની મંજૂરી લઈ લાયકાત મેળવેલ હોય તો<br>ઠરાવ / તારીખ :- | |

ઉપરોકત જણાવેલ વિગતો સાચી છે. ભવિષ્યમાં ચકાસણી દરમ્યાન દર્શાવેલ માહિતી ખોટી માલુમ પડશે તો મારી સામે નિયમાનુસાર કાર્યવાહી કરવાની હું સંમતિ આપું છું.

આથી હું નીચે સહી કરનાર કર્મચારી મજકૂર શિક્ષણ વિભાગનાં પરિપત્રમાં જણાવ્યા મુજબની લાયકાત ધરાવું છું અને પરિપત્ર અનુસાર ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધો.૬ થી ૮ની ઉચ્ચ પ્રાથમિક શાળામાં શિક્ષણ કાર્ય કરવા હું મારી સંમતિ દર્શાવવું છું.

તા............ સહી.......................

પૂરેપૂરૂં નામ અને શાળાનું નામ

મુખ્ય શિક્ષકની સહી તથા ભલામણ

મહે. શાસનાધિકારીશ્રી,

સવિનય ઉપરોકત દર્શાવેલ માહિતી સર્વિસબુક પરથી ચકાસણી કરેલ છે.

ચકાસણી કરનાર કર્મચારીનીસહી

મદદનીશ શાસનાધિકારી

ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ

હોદ્દો / ઝોન ઝોન

પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતા અને તાલીમી લાયકાત (સ્નાતક/પીટીસીઅથવાસ્નાતક/બી.એડ.) ધરાવતા વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ-૬ થી ૮) માં સમાવવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક
સચિવાલય,ગાંધીનગર
તા.૧૯/૨/૨૦૧૪

વંચાણે લીધોઃ-

(૧)પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરની સિંગલ ફાઇલ ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/ ૨૦૧૪/ક ઉપરની તા.૧૧-૨-૨૦૧૪ની દરખાસ્ત.

(૨) શિ.વિ.નો તા.૧૬/૨/૨૦૧૨નો સરખા ક્રમાંકનો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ -૧૧-૨૦૧૨-૫૨૦૩૬ -ક.

(૩) શિ.વિ.નો તા.૭/૯/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૨૦૧૨-૩૧૪૭૭૬-ક

આમુખઃ-

ભારત સરકારના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯નો અમલ રાજય સરકારે તા.૧/૪/૨૦૧૦થી કરેલછે. તદનુસાર રાજયની ધોરણ-૧ થી ૭ ની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮નો સમાવેશ કરવામાં આવેલ છે. રાજયમાં પ્રાથમિક શિક્ષણમાં ધોરણ-૧ થી ૫ ને પ્રાથમિક શિક્ષણ અને ધોરણ-૬ થી ૮ ને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ એમ બે વિભાગમાં વહેંચવામાં આવેલ છે. આ પ્રમાણેના ફેરફારના કારણે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધોરણ-૬ થી ૮ માટે તાલીમી સ્નાતક શિક્ષકોની ભરતી કરવામાં આવે છે. આ રીતે વિભાજન થયું તે પહેલાં એટલે કે જૂન-૨૦૧૦ પહેલાં ફકત પ્રાથમિક શિક્ષણ(ધોરણ-૧ થી ૭ ) માટે જ ભરતી કરવામાં આવતી હતી. જેમાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની લાયકાતો ધરાવતા શિક્ષકો/વિદ્યાસહાયકોનો પણ સમાવેશ થયેલ હતો. આથી આવી ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની લાયકાતો ધરાવતા હોય તેવા શિક્ષકો/વિદ્યાસહાયકોને તેમની લાયકાતને અનુરૂપ શિક્ષણકાર્ય કરવાની તક મળે તે હેતુથી હવે પ્રાથમિક શિક્ષણમાં નિમણૂંક આપવામાં આવેલ હોય, પરંતુ જે શિક્ષકો/વિદ્યાસહાયકો ઉચ્ચ પ્રાથમિક શિક્ષક થવા માટેની લાયકાતો ધરાવતા હોય તેઓને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધોરણ-૬ થી ૮ની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં સમાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે સરકારશ્રી કાળજીપૂર્વકની વિચારણા કરી નીચે મુજબ ઠરાવે છે.

ઠરાવઃ-

રાઇટ ટુ એજ્યુકેશન-૨૦૦૯ ના અમલના કારણે રાજ્યમાં ૧ થી ૭ ની પ્રાથમિક શાળાઓને ધોરણ-૮ માં અપગ્રેડ કરવામાં આવી છે. જૂન-૨૦૧૦ પહેલાં રાજ્યમાં ધોરણ-૧ થી ૭ નું પ્રાથમિક શિક્ષણ હતું. તે સમયે ભરતી થયેલ શિક્ષકો/વિદ્યાસહાયક ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તો તેવા શિક્ષકો/વિદ્યાસહાકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ-૬ થી ૮) ની શાળાઓમાં સમાવવા અંગે રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે. જેથી આવા ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટેની શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોને શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧-૨૦૧૨-૩૧૪૭૭૬-ક ,તા.૨૩/૫/૨૦૧૨ના બદલી નિયમોને ધ્યાનમાં લીધા સિવાય તેઓને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવાના રહેશે. આ શિક્ષકોને સમાવવા અંગેના ધોરણો/શરતો નીચે મુજબ રહેશે.

(૧) શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક તથા તા.૧૪/૭/૨૦૧૧, તા.૩/૫/૨૦૧૨ અને તા.૧૮/૫/૨૦૧૨ના સુધારા ઠરાવ અન્વયે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના વિદ્યાસહાયક/શિક્ષક માટે નિયત કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકોએ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ( ધોરણ-૬ થી ૮) માં જવા માટેનો વિકલ્પ દર વર્ષે ૧ લી એપ્રિલ થી ૩૦ મી એપ્રિલસુધીમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી ને આપવાનો રહેશે. ગણિત-વિજ્ઞાન તથા સામાજિક વિજ્ઞાન વિષય માટે શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧,૧૪/૭/૨૦૧૧,તા.૩/૫/૨૦૧૨ અને તા.૧૮/૫/૨૦૧૨માં દર્શાવેલ વિષયો સિવાય અન્ય વિષયો સાથે બી.એસ.સી. કે બી.એ.ની લાયકાત ધરાવતા હોય તેવા વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકોને રાજ્ય સરકાર દ્વારા નામ.સુપ્રિમકોર્ટમાં દાખલ કરવામાં આવેલ એસ.એલ.પી.(સી) નં.૯૯૫૦-૧૦૦૨૧/૨૦૧૨ ના આખરી ચૂકાદાને આધિન વિકલ્પ આપી સમાવવાના રહેશે.

(૨) દરેક શાળામાં વિકલ્પ આપેલ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકોની યાદી બનાવવાની રહેશે. આ યાદી નીચે મુજબ રહેશે.

(ક) ગણિત,વિજ્ઞાનના શિક્ષક

(ખ) ભાષાના શિક્ષક.

(ગ) સામાજિક વિજ્ઞાનના શિક્ષક.

(૩) ધોરણ-૧ થી ૮ની શાળાઓમાં ઉપર ક્રમ-૨ માં દર્શાવેલ (ક),(ખ),(ગ) પ્રમાણેની શૈક્ષણિક લાયકત ધરાવતા શિક્ષકો/વિદ્યાસહાયકોને તે જ શાળામાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે સમાવવાના રહેશે.

(૪) આ પ્રમાણે ગણિત-વિજ્ઞાન, ભાષાઓ અને સામાજિક વિજ્ઞાનની લાયકાત ધરાવતા જે શિક્ષકોનો જે તે શાળામાં સમાવેશ થઇ શકે તેમ ન હોય તો તેઓની સિનિયોરીટી મુજબ સૌથી પહેલા તે જ પગાર કેન્દ્રની અન્ય શાળાઓમાં સમાવેશ કરવાનો રહેશે અને પગાર કેન્દ્રની શાળાઓમાં જગ્યા ન હોય અથવા જગ્યા ભરાઇ જાય ત્યારે પોતાના તાલુકાની અન્ય શાળાઓમાં સમાવવાના રહેશે. અને

પોતાના તાલુકામાં જયારે જગ્યા ન હોવાના કારણે સમાવી શકાય નહિ ત્યારે બાકી રહેતા શિક્ષકો/વિદ્યાસહાયકોને જીલ્લાના અન્ય તાલુકાની શાળામાં સમાવવાના રહેશે.આમ કર્યા બાદ વિકલ્પ આપેલા શિક્ષકો/વિદ્યાસહાયકોને પૂરેપૂરા સમાવી શકાય નહિ ત્યારે ભવિષ્યમાં જે તે જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં જે તે વિષયની ખાલી પડતી જગ્યાઓ ઉપર સમાવવાના રહેશે. સિનિયોરીટી મુજબ વિકલ્પ આપેલા શિક્ષક/વિદ્યાસહાયકોને ઉચ્ચ પ્રાથમિક શાળામાં સમાવવાની પ્રક્રિયા દરમ્યાન જો શિક્ષક/વિદ્યાસહાયક પોતે અસંમતિ દર્શાવે તો તેવા શિક્ષકો/વિદ્યાસહાયકોનો વિકલ્પ રદ કરવાનો રહેશે. અને ભવિષ્યમાં તેઓનો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવા અંગેનો હક દાવો રહેશે નહિં.

૩. ઉકત ધોરણો/શરતોને આધિન ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવા અંગેની કાર્યવાહી ઉનાળુ વેકેશનમાં બદલી કેમ્પ પહેલાં પૂર્ણ કરવાની રહેશે.

૪. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક, તા.૧૬/૨/૨૦૧૨ આથી રદ કરવામાં આવે છે.

૫. આવી રીતે ઉચ્ચ પ્રાથમિકનો શિક્ષકનો વિકલ્પ આપ્યા પછી પોતાની જ અથવા બીજી શાળામાં નિમણૂંક સ્વીકારી લીધી હોય તેવા શિક્ષકોની આંતરીક બદલી કે અસર પરસની બદલી માટે તેમણે જે શાળામાંથી વિકલ્પ આપેલ છે તે શાળાની જ સિનિયોરીટી જ ગણતરીમાં લેવાની રહેશે. આ પ્રમાણે બદલીનો લાભ લીધા બાદ તે શિક્ષક ફરીથી બદલી કરાવવા ઇચ્છે તો તેમની બદલીવાળી નિમણૂંકની તારીખ સિનિયોરીટીના હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવશે. આ સંબંધમાં શિક્ષણ વિભાગનો તા.૭/૯/૨૦૧૩નો ઠરાવ તેટલે અંશે સુધારેલ ગણવાનો રહેશે.

૬. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૯/૨/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)

~~નાયબ~~ સચિવ (પ્રાથમિક શિક્ષણ)

શિક્ષણ વિભાગ,

ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય
- સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

- અગ્રસચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગુજરાત રાજય,ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન,સેકટર-૧૭,ગાંધીનગર.
- સચિવશ્રી,ગુજરાત મા.અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,રાજકોટ/અમદાવાદ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- તમામ જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રી.
- સર્વે શાસનાધિકારીશ્રી,મહાનગરપાલિકા/નગરપાલિકા
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય,ગાંધીનગર.
- પ્રમુખશ્રી,ગુજરાત પ્રાથમિક શિક્ષણ સંઘ,ગુજરાત રાજય,ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ( વેબ સાઇટ મૂકવા સારૂ),શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.